સાસણ દેવળિયા સફારી પાર્કમાં સિંહોનો કર્મચારીઓ પર હુમલો

સિંહના ખતરનાક હુમલામાં કર્મચારીનું મોત

હિંસક બનાવને પગલે વનવિભાગ અને કર્મચારીમાં ઘેરા પ્રત્યાઘાત : સુરક્ષાને ધ્યાનમાં લઇ હવે હુમલાખોર બંને સિંહોને આજીવન પાજરામાં પૂરવા તૈયારી

જૂનાગઢના સાસણ નજીક દેવળીયા સફારી પાર્કમાં ખુલ્લા ફરતા સિંહોએ આજે અચાનક પાર્કના જ ત્રણ કર્મચારીઓ પર અચાનક હુમલો કરી દેતાં જબરદસ્ત ચકચાર મચી ગઈ હતી. સિંહો દ્વારા કરાયેલા ખતરનાક હુમલામાં રજનીશ કેશવાળા નામના કર્મચારીનું મૃત્યુ નીપજયું હતુ, જયારે અન્ય બે કર્મચારીઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેઓને હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. બીજીબાજુ, દેવળીયા સફારી પાર્કમાં સિંહો દ્વારા હુમલા બાદ સુરક્ષા અને ચોકસાઇ વધારી દેવામાં આવી છે. એટલું જ નહી, સલામતી અને સુરક્ષાના પાસાને ધ્યાનમાં લઇ વનવિભાગ દ્વારા હુમલો કરનાર બંને સિંહો ગૌતમ અને ગૌરવને આજીવન પાંજરે પૂરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને હવે આ સિંહોને પાર્કમાં ખુલ્લા ફરતા જોઇ શકાશે નહી. પ્રવાસીઓ-સાહેલાણીઓ અને કર્મચારીઓની સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં લઇ જીવનભર આ બંને હુમલાખોર સિંહોને પાંજરે પૂરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વન વિભાગ દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે દેવળીયા સફારી પાર્ક ખાતે મજૂર કર્મચારીઓ પાર્કમાં તેમની ફરજ કામગીરી કરી રહ્યા હતા, ત્યારે અચાનક જ ગૌતમ અને ગૌરવ નામના પાર્કમાં હંમેશની જેમ ખુલ્લા મૂકાયેલા બંને સિંહોએ અચાનક આ કર્મચારીઓ પર હુમલો બોલી દીધો હતો.

કર્મચારીઓ કંઇ સમજે તે પહેલાં તો બંને સિંહોએ ગણતરીની સેકન્ડોના હુમલામાં કર્મચારીઓને બહુ ગંભીર ઈજાઓ પહોંચાડી લોહીલુહાણ કરી નાંખ્યા હતા. જેમાં ગંભીર રીતે ઘાયલ થનાર મજૂર કર્મચારી રજનીશ કેશવાલાનું કરૂણ મોત નીપજયુ હતું. સિંહે હુમલો કર્યો તે સમયે ત્યાં હાજર અન્ય એક મજુર દિનેશે પોતાના સાથી કર્મચારી રજનીશને બચાવવાના પ્રયાસો કર્યાં હતા. જો કે સિંહે દિનેશ પર પણ હુમલો કર્યો હતો. જો કે દિનેશ સિંહના પંજામાંથી છટકવામાં સફળ રહ્યો હતો અને આ હુમલા અંગે વન વિભાગને જાણ કરી હતી. સિંહના હુમલામાં ઘાયલ થયેલાં દિનેશને સારવાર માટે જૂનાગઢ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યારે રજનીશને સાવજ જંગલમાં ઘસડીને લઈ ગયો હતો. ત્યારે વન વિભાગે તેને શોધવાના ઘણાં પ્રયાસો કર્યાં હતા. રજનીશ કેશવાલાને શોધવા ગયેલા એક ફોરેસ્ટર પણ સિંહે હુમલો કર્યો હતો. જો કે તેને સામાન્ય ઈજા જ થઈ હતી. ત્યારે તેમને પણ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. રજનીશ કેશવાળાનો મૃતદેહ જંગલમાંથી મળ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. મળતી માહિતી મુજબ રજનીશ સાસણ ગામનો રહેવાસી હતો. જે છેલ્લાં ૧૦ માસથી જ ટ્રેકિંગમાં જાડાયો હતો. આ પહેલાં તે જિપ્સીમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો હતો. જો કે આ હુમલો કેવી રીતે થયો તેની વિગત બહાર આવી નથી. કેમકે દેવળીયા સફારી પાર્ક એક રીતે ઝૂ છે જેમાં સિંહોને પાંજરામાં રાખવામાં આવે છે અને દિવસ દરમિયાન પ્રવાસીઓ માટે તેમને ખુલ્લા છોડવામાં આવતા હોય છે. તે દરમ્યાન જ આ ઘટના બની હોવાનું મનાઇ રહ્યું છે. વનવિભાગના અધિકારીઓ સમગ્ર મામલે તપાસ ચલાવી રહ્યા છે.

હિંમતનગરમાં સીએનજી રીક્ષા સ્ટેન્ડના અભાવે મુશ્કેલી

જિલ્લા ઓટો રીક્ષા એસોસીએશનની અનેક રજુઆતો છતા પરીણામ શૂન્ય : તંત્ર દ્વારા માંગણી નહી સ્વિકારાય તો આંદોલનની ચીમકી

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લામાં પ્રદુષણની માત્રા ઓછી હોવા છતા સીએનજીની મદદથી હિંમતનગર સહિત જિલ્લામાં અનેક ઠેકાણે આવી રીક્ષાઓના માલિકો તેના થકી આજીવિકા રળીને પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. તેમ છતાં જિલ્લાના મુખ્ય મથક એવા હિંમતનગરમાં આજે હજારોની સંખ્યામાં સીએનજી રીક્ષાઓ દોડતી હોવા છતાં તંત્ર દ્વારા તેમની કોઈ દરકાર કરી નથી. જેથી જિલ્લા ઓટો રીક્ષા એસોસીએશને મુખ્યમંત્રી તથા અન્ય સંલગ્ન વિભાગોમાં ગુરૂવારે લેખીત રજુઆત કરીને કાયદેસરના પાર્કીંગ સ્ટેન્ડ ફાળવવા માટે માંગ કરી છે. અને જો સત્વરે તેમની આ માંગણી નહી સ્વિકારાય તો આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

આ અંગે જિલ્લા ઓટો રીક્ષા એસોસીએશનના પ્રમુખ મનુભાઈ રાજપુત, ઉપપ્રમુખ ગોપાલભાઈ સોલંકી તથા મહામંત્રી બાબુભાઈ શેખના

જણાવાયા મુજબ હિંમતનગરના અનેક વિસ્તારોમાં દોડતી સીએનજી રીક્ષાઓના કારણે પ્રજાને અવરજવર કરવામાં સુલભતા રહે છે અને ડીઝલ કે પેટ્રોલથી ચાલતા વાહનો કરતા સીએનજી રીક્ષાઓના કારણે પ્રદુષણની માત્રામાં કોઈ વધારો થતો નથી અને મુસાફરોને પણ અવરજવર કરવામાં કોઈ મુશ્કેલી ન હોવાથી તેઓ આવી રીક્ષાઓમાં મુસાફરી કરવાનુ વધુ પસંદ કરે છે.

પરંતુ બસસ્ટેન્ડ તથા અન્ય સ્થળે અત્યારે તંત્ર દ્વારા ફાળવવામાં આવેલ સ્ટેન્ડની જગ્યા ખુબજ નાની હોવાને કારણે પોલીસ, પાલિકા તથા અન્ય વિભાગોના કર્મચારીઓ દ્વારા રીક્ષાઓને હટાવી દઈ પરેશાન કરવાની પ્રવૃત્તિ ચાલી રહી છે. દરમિયાન સીએનજી રીક્ષાઓને હિંમતનગરમાં વધુ સ્ટેન્ડ ફાળવવા માટે વર્ષ ૨૦૧૪માં જિલ્લાના તંત્ર દ્વારા ઓનલાઈન સ્વાગત કાર્યક્રમમાં ખાતરી અપાઈ હોવા છતા આજ દિન સુધી તે દિશામાં કોઈ કાર્યવાહી ન થઈ હોવાનો એસોસીએશનના પદાધિકારીઓનો આક્ષેપ છે. ઉપરાંત વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૧૮માં નગરપાલિકા તથા અન્ય વિભાગોમાં સીએનજી રીક્ષાઓમાં કાયદેસરના સ્ટેન્ડ ફાળવવા માટે કરાયેલી રજુઆતો બાદ પણ કોઈ હકારાત્મક કાર્યવાહી થઈ નથી જેથી કંટાળીને આગામી દિવસોમાં હિંમતનગરના સીએનજી રીક્ષા ચાલકોએ તેમની માંગણી પરત્વે નગરપાલિકા તથા અન્ય સંલગ્ન વિભાગોની કચેરીઓ આગળ રીક્ષાઓના ખડકલા કરી આંદોલનનો પ્રારંભ કરશે જેથી તંત્રએ આ દિશામાં હકારાત્મક કાર્યવાહી કરવી જોઈએ.

આંબલિયાળા વિડીમાં સિંહણનું મૃત્યુ

અમદાવાદ,તા. ૨૯

ખાંભાના તુલસીશ્યામ રેન્જના રબારીકા રાઉન્ડના આંબલિયાળા વિડીમાં ૧૧ વર્ષની સિંહણનું મોત નોંધાતા ભારે ચકચાર મચી ગઈ છે. આમ, ગીર અને તેની આસપાસના પંથકોમાં સિંહોના મોતનો સિલસિલો હજુ અટકવાનું નામ નથી લેતો, જેને લઈને હવે સિંહપ્રેમી અને વન્ય પ્રેમી જનતામાં સિંહોના આટલી મોટી સંખ્યામાં થઈ રહેલા મોતને લઈ ઉગ્ર આક્રોશ ભભૂકયો છે. એટલું જ નહી, સિંહોની સુરક્ષા અને સલામતીને લઈ રાજય સરકાર અને વન વિભાગના સત્તાધીશોની કામગીરી સામે પણ હવે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

એક પછી એક સિંહો મોતને ભેટી રહ્યા હોવાછતાં સરકાર કે વનવિભાગ કેમ કંઈ કરી શકતું નથી અને માત્ર પરિસ્થિતિ જોયા જ કરે છે અને સિંહોના મોત ગણ્યા કરે છે તેવો આક્રોશ સિંહપ્રેમીઓએ ઠાલવ્યો હતો. બીજીબાજુ, આજે તુલસીશ્યામ રેન્જના રબારીકા રાઉન્ડના આંબલિયાળા વિડીમાં ૧૧ વર્ષની સિંહણના મોત મામલે વન વિભાગે બચાવ કર્યો હતો કે, આ સિંહણનું મોત તેની ઉંમરને કારણે થયું છે.

સાબરકાંઠામાં ગેરકાયદે દોડતા સ્કૂલ વાહનો સામે તંત્રની કાર્યવાહી જરૂરી

આરટીઓના નિયમ વિરૂદ્ધ સ્કૂલ વાહનોમાં બાળકોને બેસાડાય છે

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લામાં સરકારી વિભાગોની બેકાળજીને લીધે નિયમોની ઐસીતૈસી કરીને લોકો બિન્દાસ્ત ફરે છે. ત્યારે જિલ્લામાં આવેલી અંદાજે એક હજારથી વધુ ગેરકાયદે સ્કૂલ વાહનો દોડતા હોવા છતાં તંત્રના અધિકારીઓને આંખે પાટા બાધ્યા હોય તેમ કઈ દેખાતુ નથી અને જયારે આવા સ્કૂલ વાહનોને અકસ્માત નડે ત્યારે તંત્ર કુંભકર્ણની નિદ્રામાંથી જાગીને સપાટો બોલાવે છે. ત્યારે તે માટે સંલગ્ન વિભાગોએ ઠોસ કાર્યવાહી કરીને નાના બાળકોની જીંદગી સાથે ખીલવાડ કરતા સ્કૂલ વાહનોના માલિકો સામે પગલા લેવાની માંગ ઉઠવા પામી છે.

આ અંગે શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલા નિતીનભાઈ સાધુએ આક્ષેપ કરતા જણાવ્યુ છે કે હિંમતનગર સહિત જિલ્લાના અનેક સ્થળે આવેલી શૈક્ષણીક સંસ્થાઓમાં ભણતા બાળકોને ઘરેથી શાળાએ જવા માટે સ્કૂલ વાહનોનો ઉપયોગ કરવો પડે છે. આ સ્કૂલ વાહનોમાં રોજબરોજ આરટીઓના નિયમ કરતા વધુ બાળકોને ઘેટા બકરાની જેમ બેસાડીને લઈ જવાય છે એટલુ જ નહી પણ આવા સ્કૂલ વાહનોના માલિકોએ નિયમ મુજબ આરટીઓમાં કે શિક્ષણ વિભાગમાં નોંધણી કરાવ્યા વિના ફરી રહ્યા છે જે અંગે શાળાનો સ્ટાફ તથા સંચાલકો જાણતા હોવા છતાં આંખ આડા કાન કરી કોઈ કાર્યવાહી કરતા નથી.

જિલ્લામાં અંદાજે એક હજારથી વધુ આવા સ્કૂલ વાહનો દોડે છે ત્યારે તેમાં બેસાડવા માટે માલિકોએ નિયમ વિરૂદ્ધ લાકડાના પાટીયા તથા ટેબલો ગોઠવીને વાલીઓની મજબૂરીનો લાભ ભરપેટ ઉઠાવી રહ્યા છે. પરંતુ જ્યારે આવા સ્કૂલ વાહનોને આકસ્મિક રીતે અકસ્માતનો ભોગ બનવુ પડે ત્યારે તંત્ર સફાળુ જાગીને કાર્યવાહી કરવા ડોટ મુકે છે. ત્યારે જો આરટીઓ અને શિક્ષણ વિભાગ બાળકોના હિત ખાતર તેના માટે નિયમો બનાવી તેનુ કડક પાલન કરાવવાનો આગ્રહ રાખે તો ભવિષ્યમાં બનનારી આવી ઘટનાઓમાં ઘટાડો આવે તેમ મનાઈ રહ્યું છે.

કેટલાક સ્કૂલ વાહન ચાલકો પાસે લાયસન્સ કે પેસેન્જર બેઝ ન હોવા છતાં તેઓ આવા વાહનો ચલાવે છે ત્યારે માનવતા ખાતર બાળકોના વાલીઓએ પણ સંગઠીત થઈને સ્કૂલના સંચાલકો અથવા તો આરટીઓ અને શિક્ષણ વિભાગના અધિકારીઓ સમક્ષ રજુઆત કરીને બાળકોની જીંદગી સાથે થઈ રહેલા ખિલવાડને બંધ કરાવવા માટે જાગૃતિ લાવવી જોઈએ.

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન મણીનગર દ્વારા વિશ્વશાંતિ વિષયક રિચર્સની ઉપસ્થિતિમાં યોજાયેલ કોન્ફરન્સ

અમદાવાદ, તા. ૨૯

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન આધ્યામિક, સાંસ્કૃતિક તથા સામાજીક કલ્યાણનું વિશ્વવ્યાપી કેન્દ્ર છે અને સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન દ્વારા પ્રસ્થાપિત સિદ્ધાંતોને અનુસરી માનવકલ્યાણની સાથે

સાથે સમગ્ર જીવસૃષ્ટિ વન્યસૃષ્ટિ તથા વિશ્વશાંતિ માટે સતત કાર્યરત છે.

સમાજમાં વિશ્વબંધુત્વની ભાવના કેળવાય અને વિશ્વમાં શાંતિ સ્થપાય આવા હેતુથી પૂજ્ય ગુરૂદેવ મુક્તજીવન સ્વામીબાપા દ્વારા વર્ષ ૧૯૪૬માં સર્વ પ્રથમ વિશ્વ પ્રવાસ ખેડવામાં આવ્યો હતો. તેઓના પદચિહ્નોને અનુસરીને છેલ્લા ચાર દાયકાથી શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના વર્તમાન આચાર્ય પુરૂષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ જ્ઞાનસરોવર બોધવચનો દ્વારા વિશ્વશાંતિ માટેના અવિરત કાર્યો થકી માનવ સમુદાય માટે સદાયે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે.

પરમ પૂજ્ય આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ છેલ્લા ૪૦ વર્ષથી વિશ્વબંધુત્વની ભાવના થકી વિશ્વશાંતિ સ્થપાય એવા હેતુસહના, વિશ્વ પ્રવાસો અને વણથંભ્યા ભગીરથ પ્રયત્નોને ધ્યાનમાં રાખી ઈછ દ્વારા આયોજિત વર્લ્ડ પીસ કોન્ફરન્સમાં પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજને વર્લ્ડ પીસ એમ્બેસેડર તરીકે સન્માનિત કરવામાં આવ્યા. તેઓની દિવ્ય પ્રેરણા હેઠળ શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન જ્ઞાતિ, જાતિ, વર્ગ કે અન્ય કોઈપણ પ્રકારનો ભેદભાવ દાખવ્યા વિના, સમાજના તમામ વર્ગોના સાંસ્કૃતિક મુલ્યો તથા સાતત્યપૂર્ણ વિકાસ માટે અમૂલ્ય ફાળો આપી રહ્યું છે.

મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રાંગણમાં રાજ્યપાલ ઓ.પી. કોહલી અને રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ૧૮૩ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ડીગ્રી મેડલ એનાયત કર્યા હતા તે પ્રસંગની તસવીરમાં રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, એસ.કે. યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દિગ્વિજય લાયન્સ ફાઉન્ડેશનના સંકુલનું રૂપાણી લોકાર્પણ કરશે

અમદાવાદ, તા.૨૯

એશિયાની સૌથી મોટી એવી અસારવા સ્થિત સિવિલ હોસ્પિટલ ખાતે કેન્સર, કિડની, હાર્ટ સહિતની ગંભીર બિમારીઓની સારવાર અર્થે આવતા દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા નથી હોતા તેવા સમયે સિવિલ હોસ્પિટલના ગેટ નંબર-૩ની સામે જ આવેલ લાયન્સ કલબ ઓફ દિગ્વિજયનગરના દિગ્વિજય લાયન્સ ફાઉન્ડેશન દ્વારા રૂ.૨૫ કરોડના ખર્ચે પંદર માળનું અદ્યતન અને ભવ્ય સંકુલનું નિર્માણ કરી આવા દર્દીઓ અને તેમના સગાવ્હાલાઓ માટે એક પ્રેમ અને હુંફ ભર્યું આશ્રયસ્થાન ઉભુ કરવામાં આવ્યું છે. દિગ્વિજય લાયન્સ ફાઉન્ડેશનના આ અદ્યતન સંકુલનું તા.૨જી ડિસેમ્બરના રોજ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા લોકાર્પણ કરવામાં આવશે અને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતાં ગંભીર બિમારી કે માંદગીના દર્દીઓ અને તેમના પરિજનો, સગાવ્હાલાઓ માટે ખુલ્લું મૂકાશે. કેન્સર, કિડની, હાર્ટ સહિતની ગંભીર બિમારીઓના દર્દીઓ અને તેમના સગાવ્હાલા માટે દિગ્વિજય લાયન્સ ફાઉન્ડેશનનું આ અદ્યતન સંકુલ સાચા અર્થમાં આશીર્વાદસમાન બની રહેશે એમ અત્રે દિગ્વિજય લાયન્સ ફાઉન્ડેશનના એકટીંગ ચેરમેન લલિતભાઈ સંઘવી, મનેજીંગ ટ્રસ્ટી ચંદ્રકાંતભાઈ દલાલ અને ખજાનચી રાજેન્દ્રભાઈ લાલવાણીએ જણાવ્યું હતું.

પડકારને...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કુમારે કહ્યું છે કે, નવા ડેટાના સંદર્ભમાં અન્ય કારણો આપવા માટે પણ ચિદમ્બરમને કહ્યું છે. ડેટાના નવા સેટના સંદર્ભમાં કુમાર સાથે ચર્ચા કરવા ચિદમ્બરમ દ્વારા ઈચ્છા વ્યક્ત કરવામાં આવ્યા બાદ રાજીવ કુમારે આ અંગેનો જવાબ આપ્યો હતો. ચિદમ્બરમે ગઈકાલે ટ્વિટ કરીને કહ્યું હતું કે, જો નીતિ આયોગના વાઈસ ચેરમેન ચર્ચા માટે તૈયાર થશે તો તેમને ખુશી થશે. તેમના પ્રશ્નોના સંદર્ભમાં પત્રકારોને જવાબ આપવા રાજીવ કુમારને પડકાર ફેંકવામાં આવ્યો હતો. કુમારે ભારપૂર્વક કહ્યું હતું કે, નીતિ આયોગ દ્વારા ડેટાનો ઉપયોગ લોજિકલ પોલિસી ભલામણો તૈયાર કરવા માટે કરવામાં આવે છે. ડેટા હંમેશા જાણિતા અર્થશાસ્ત્રીઓ દ્વારા ગુણવત્તાની ચકાસણી અને મુલ્યાંકનના આધાર પર હોય છે. નીતિ આયોગ આના માટે ખુબ જ ગંભીરરીતે કામ કરે છે. નીતિ આયોગના વાઈસ ચેરમેન દ્વારા ચિદમ્બરમના પડકારને સ્વીકારી લેવામાં આવ્યા બાદ હજુ સુધી ચિદમ્બરમ તરફથી વળતી પ્રતિક્રિયા આપવામાં આવી નથી. બુધવારના દિવસે ૨૦૦૪થી ૨૦૧૨ સુધીના નવી સિરિઝના જીડીપી ડેટા જારી કરવામાં આવ્યા હતા. તે વખતે યુપીએનું શાસન હતું. નવી સિરિઝના જીડીપી આંકડામાં યુપીએના ૧૦ વર્ષના કાર્યકાળમાં મોટાભાગના વર્ષો દરમિયાન જીડીપીના વૃદ્ધિદરના આંકડા ઘટી ગયા હતા. સીએસઓ દ્વારા જારી કરવામાં આવેલા નવેસરના આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, વર્ષ ૨૦૧૦-૧૧માં અર્થવ્યવસ્થામાં વૃદ્ધિદર ૮.૫ ટકા હતો જ્યારે તે પહેલા ૧૦.૩ ટકાનો અંદાજ મુકવામાં આવ્યો હતો. આવી જ રીતે ૨૦૦૯ની સ્થિતિની પણ વાત કરવામાં આવી હતી.

કઠોર નિર્ણય

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આ બાબતનો ઉલ્લેખ કર્યો નથી કે, નોટબંધીનો નિર્ણય લેતી વેળા સરકારે તેમનો અભિપ્રાય માંગ્યો હતો કે કેમ. જો કે, સુબ્રમણ્યમે એટલી વાત ચોક્કસપણે કરી છે કે, વડાપ્રધાને મહત્વપૂર્ણ નિર્ણય ઉપર સીઈએના અભિપ્રાય લીધા ન હતા. પેંગુઇનથી પ્રકાશિત થનાર પુસ્તકમાં તેઓએ લખ્યું છે કે, એક જ ઝટકામાં ૮૬ ટકા નોટ બંધ કરી દેવાનો નિર્ણય ખુબ મોટો અને કઠોર નિર્ણય હતો. નોટબંધીથી વાસ્તવિક જીડીપી ગ્રોથને માઠી અસર થઈ હતી. જીડીપી ગ્રોથમાં પહેલા પણ ઘટાડો થઈ રહ્યો હતો પરંતુ નોટબંધી બાદ તેના ઘટાડામાં તેજી આવી હતી. સુબ્રમણ્યમે પહેલા પણ બે પુસ્તકો લખ્યા છે. નોટબંધીથી પહેલાના છ ત્રિમાસિક ગાળામાં સરેરાશ ગ્રોથરેટ આઠ ટકા હતો. બાદના સાત ત્રિમાસિક ગાળામાં ૬.૮ ટકા થયો હતો. સુબ્રમણ્યમે પુસ્તકમાં લખ્યું છે કે, કોઈપણ આ બાબતથી અસહમત થશે નહીં કે નોટબંધીથી આર્થિક વિકાસમાં સુસ્તી આવી હતી બલ્કે ચર્ચા આ બાબતની થઈ રહી છે કે, નોટબંધીના કારણે કેટલી અસર થઈ છે. આનાથી જીડીપી ગ્રોથ રેટ બે ટકા ઘટ્યો છે કે કેમ. આ અવધિમાં અન્ય કારણો દ્વારા અન્ય ગ્રોથને અસર થઈ હતી જેમાં ઉંચા વ્યાજદર, જીએસટીના અમલીકરણ અને અન્ય તેલ કિંમતોનો સમાવેશ થાય છે. નોટબંધીના સંદર્ભમાં અન્ય બાબતોનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. અરવિંદ સુબ્રમણ્યમ દ્વારા કહેવામાં આવ્યું છે કે, નોટબંધી ખુબ જ કઠોર નિર્ણય તરીકે હતો અને તેની અસર સામાન્ય લોકો ઉપર થઈ હતી. આના કારણે લોકોના જીવન ધોરણ બદલાયા હતા. વિકાસદર ઉપર અસર થઈ હતી. જુદા જુદા આર્થિક પરિબળો ઉપર પણ તેની પ્રતિકુળ અસર થઈ હતી. અરવિંદ સુબ્રમણ્યમના નિવેદનના સંદર્ભમાં સરકાર તરફથી કોઈ પ્રતિક્રિયા અપાઈ નથી.

હોબાળો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ગુરુનાનકના આશીર્વાદથી તમામ બાબતો બની રહી છે. બોર્ડર ખુલી જશે તો બંને તરફ ખુશીનો માહોલ છવાશે. સિદ્ધૂએ કહ્યું છે કે, કાર્યક્રમની શરૂઆત થઈ છે. સંબંધો પણ સુધરશે. બુધવારના દિવસે કરતારપુર કાર્યક્રમમાં પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને નવજોત સિદ્ધૂની ભરપુર પ્રશંસા કરી હતી. સાથે સાથે એમ પણ કહ્યું હતું કે, સિદ્ધૂ પાકિસ્તાનમાં એટલા લોકપ્રિય થઈ ચુક્યા છે કે જો ચૂંટણી લડશે તો પણ જીતી જશે. ઈમરાને એમ પણ કહ્યું હતું કે, અમને દોસ્તી માટે સિદ્ધૂના ભારતના વડાપ્રધાન બનવા સુધીની રાહ જોવી જોઈએ નહીં. નવજોત સિદ્ધૂનો ફોટો ખાલિસ્તાની સમર્થક સાથે સપાટી ઉપર આવ્યા બાદથી ભારે હોબાળો થઈ ગયો છે. આગામી દિવસોમાં નવજોત સિદ્ધૂને વધુ પ્રશ્નોના જવાબ આપવા પડે તેમ માનવામાં આવે છે. નવજોત સિદ્ધૂની પ્રતિક્રિયાને લઈને પણ નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. આટલા મોટા કાર્યક્રમમાં કોઈપણ વ્યક્તિ ફોટા પડાવવા પહોંચી જાય અને નવજોત સિદ્ધૂ પાસે માહિતી ન હોય તે બાબત કોઈને ગળે ઉતરતી નથી. ભારતના જાણકાર લોકોએ પોતાની પ્રતિક્રિયા આપી છે. સાથે સાતે નવજોત સિદ્ધૂને લઈને નારાજગી પણ વ્યક્ત કરી છે.

ભોજનની સાથે સાથે સિનેમા જોવાનો અનોખો અનુભવ પુરો પાડતું કે સેરા સેરા ગ્રુપ

ગાંધીનગર, તા.૨૯

દેશભરમાં ફિલ્મ નિર્માણ, વિતરણ અને એક્ઝિબિશન ક્ષેત્રે નિપુણતા ધરાવતા તેમજ ૩૬૦ ડિગ્રી મિડીયા અને મનોરંજન કંપનીઓ ધરવતા પ્રસિધ્ધ કે સેરા સેરા (કે એસએસ) જૂથે ભારતમાં સૌપ્રથમવાર રેસ્ટોરન્ટ પ્લસ સિનેમાનો સમન્વય કરીને 'છોટુ મહારાજ' બ્રાન્ડ નેમ હેઠળ અનોખો અભિગમ હાથ ધર્યો છે. 'છોટુ મહારાજ' સિને રેસ્ટોરન્ટસ એ ૫૦ ફુટ વ્યાસ ધરાવતી ડોમ શેપની જગ્યા છે જયાં ગ્રાહકોને ખૂબ જ હાઈકલાસનું ઉત્તમ ગુણવત્તા ધરાવતું ૭ કોર્સ ભોજન રૂ. ૩૦૦, ૪૦૦ અને રૂ. ૫૦૦ના ખૂબ જ પોસાય તેવા દરે પરું પાડશે. આ ઉપરાંત લકઝુરિયસ વાતાવરણમાં મિત્રો અને પરિવારની સાથે ભોજન લેતા લેતા લેટેસ્ટ નવી ફિલ્મ વિના મૂલ્યે જોઈ શકાશે.

વિમાન અથવા ટ્રેઈન અથવા કલબની જેમ મહેમાનનો મુખ્ય ઉદ્દેશ પ્રવાસ અથવા આરામનો હોય છે અને તેમને મળેલા સમયમાં ફિલમ જોવાનો અથવા તો અન્ય પ્રકારે મનોરંજન મેળવવાનો હોય છે. 'છોટુ મહારાજ' ખાતે મુખ્ય ઉદ્દેશ સ્વાદિષ્ટ ભોજન સાથે ફિલ્મ વિનામૂલ્યે જોઈ શકાશે.

કે સેરા સેરા ગ્રુપના ચેરમેન શ્રી શ્રી સતિષ પંચારીયા જણાવે છે કે 'અમે ફ્રેન્ચાઈઝી મોડલ વડે ૩ વર્ષના ગાળામાં ૯૦૦૦થી વધુ સિને રેસ્ટોરન્ટસની સ્થાપના કરીને ભારતમાં ગ્રાસ રૂટ લેવલે પહોંચવા માંગીએ છીએ. આનોખી રીતે ડિઝાઈન કરવામાં આવેલા કન્સેપ્ટમાં ફ્રેન્ચાઈઝી માલિક રૂ. ૨૫ લાખનું રોકાણ કરશે અને ૧૦૦ બેઠકની રેસ્ટોરન્ટનો માલિક બનશે. સમગ્ર ઈન્ફ્રાસ્ટ્રકચર, ડોમ ફર્નિચર, પ્રોજેક્ટર મુવી, ઉત્તમ કક્ષાનું ભોજન ટેકનોલોજી હાર્ડવેર અને સોફ્ટવેર કે એસએસ પુરું પાડશે.'